PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/કવા–૦૨/૧૬–૧૭/ ૭૮૮૦ તા. 23/08/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જીવાભાઈ રામભાઈ કારાવદરા,
–શ્યામ ફ્લેટસ– ૧, ઉદયનગર,
શેરી નં.–૧૦, ફ્લેટ નં.–૧૦૪,
મવડી પ્લોટ,
રાજકોટ
મો: ૯૯૦૪૬૩૭૭૬૫

**વિષય :–વીજબીલ બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૫–૦૭–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૧/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૨.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, મવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : જીજીઆરએફ : ૪૧/ક્વા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૧૯–૦૮–૧૬ સ્થળ :–રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: જીવાભાઈ રામભાઈ કારાવદરા,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી જીવાભાઈ રામભાઈ કારાવદરા હાજર રહેલ હતા.

## વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : મવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૦૬૦૮/૪૦૪૧૪/૪ મા, પીજીવીસીએલ તરફથી, ૧૬૮૮ યુનીટ ની રકમ રૂ.૧૨,૩૦૫/૮૬ નુ બીલ, તા.૨૬–૧૨–૧૫ ના રોજ અપાયેલ છે. આ બીલ, તેમના જોડાણ ના વીજભાર, જોડાણ વાળા સ્થળ ની ક્ષમતા, સ્થપાયેલ પ્રતિ બીલીંગ સરેરાશ વીજવપરાશી યુનીટ મુજબ નુ ન હોય, ચોકકસ પ્રકાર ની મીટર ની ખામી હેઠળ નુ હોય, તેઓની રજુઆત ના અનુસંધાને, મીટર બદલાવી, તેમની ગેરહાજરી મા લેબોરેટરી ચકાસણી કરી અને મીટર ને તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરેલ છે. અરજદાર ને આ બાબતે અસંતોષ રહેતા, તેમના સદર મીટર ને વ્યાજબી અને ન્યાયિક કાર્યવાહી હેઠળ ના તમામ ધોરણ મુજબ ફેર ચકાસણી કરી / વિશીષ્ટ તાંત્રીક ચકાસણી કરી, અને તે ધોરણે સદર બીલ ને ન્યાયિક રીતે મુલવવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૦૬૦૮/૪૦૪૧૪/૪ મા, પીજીવીસીએલ તરફથી, માહે નવેમ્બર –ડિસેમ્બર –૧૫ નુ, ૧૬૮૮ યુનીટ ની રકમ રૂ.૧૨,૩૦૫/૮૬ નુ બીલ, જે તા.૨૬–૧૨–૧૫ ના રોજ આપવામા આવતા, અરજદાર શ્રી એ, સદર વીજબીલ ક્ષતિગ્રસ્ત મીટર મા નોંધાયેલ યુનીટ નુ હોવા બાબતે ની પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા રજુઆત કરતા, પીજીવીસીએલ તરફથી, તા.૨૯–૧૨–૧૫ ના રોજ, ફર્મા –૧૫ નંબર: ૫૧૪૫૬ થી, અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળુ, સીકયોર કંપની નુ મીટર નંબર: ૦૦૩૪૬૦૧૩, જે છેલ્લા રીડીંગ : ૨૯૨૩ થી ઉતારી, અને પેપરપેક કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા ૦.૫૬૦ કીવો નો વીજભાર જોડાયેલ હતો. તેમજ, તા.૨૯–૧૨–૧૫ ના રોજ એચપીએલકંપની નુ મીટર નંબર: ૦૨૮૯૮૨૧૮, જે શરૂઆતના ૦૦૦૦૨ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. ત્યારબાદ, તા.૦૪–૦૧–૧૬ ના રોજ, સવાલવાળુ સીકયોર કંપની નુ મીટર નંબર: ૦૦૩૪૬૦૧૩, અરજદાર શ્રી ના પ્રતિનિધીની હાજરી મા લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. પરંતુ, ૦.૫૦૧૫ મુજબ વધુ ફરતુ, જે નિયમાધીન પરમીશીયેબલ લીમીટ મુજબ હતુ. |
| ૨.૨ | તેમ છતા, સદર મીટર ની વિશેષ તાંત્રીક ચકાસણી માટે, એમ.આર.આઈ. અહેવાલ મેળવવા મા આવેલ હતો. જે એમ.આર.આઈ. અહેવાલ, સદર મીટર બનાવટ એવી સીકયોર કંપની ને, સદર મીટર ની તાંત્રીક સ્થિતી અને વિશેષ બાબતો અભ્યાસે લેવા મોકલી આપવામા આવેલ હતો. સીકયોર કંપની તરફથી સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ અભ્યાસે લેતા, '' મીટર કંપની તરફથી – સદર મીટર મહદઅંશે ક્ષતિગ્રસ્ત '' હોવાની નોંધ, તેમના તા. ૧૭–૦૮–૧૬ ના ઈ–મેઈલ મા આપવામા આવેલ છે. આ નોંધ અભ્યાસે લેતા, સદર મીટર ક્ષતિગ્રસ્ત હોવાનો, અત્રે તરફથી અભિપ્રાય, ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. આમ, અરજદારશ્રી નુ મીટર ક્ષતિગ્રસ્ત હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા દરમ્યાન નુ બીલીંગ, જે જીઈઆરસી ની માર્ગદર્શીકા હેઠળ, જોડાણ મા સ્થપાયેલ પ્રતિ બીલીંગ સરેરાશી યુનીટ મુજબ કરવાની જોગવાઈ અન્વયે. અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ, માહે નવેમ્બર –ડિસેમ્બર –૧૫ નુ, ૧૬૮૮ યુનીટ ની રકમ રૂ.૧૨.૩૦૫/૮૬ નુ તા.૨૬–૧૨–૧૫ ના રોજ નુ બીલ, ૧૬૮૮ યુનીટ ને બદલે જોડાણ મા સ્થપાયેલ પ્રતિ બીલીંગ સરેરાશી યુનીટ મુજબ ની ગણતરીએ થતા યુનીટ મુજબ રીવાઇઝ કરી શકાય. સદર કેઈસ મા પીજીવીસીએલ તરફથી, આ મુજબ નો અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને,પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની, સવાલવાળા મીટર ની લેબોરેટરી ચકાસણી ની કાર્યવાહી થતા,સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. પરંતુ, સદર મીટર નો અગાઉ લેવાયેલ એમ.આર.આઈ. અહેવાલ , જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, મીટર બનાવટ કંપની સમક્ષ રજુ કરવામા આવતા, સીકયોર કંપની તરફથી સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ અભ્યાસે લેતા, '' મીટર કંપની તરફથી, તેમના તા. ૧૭–૦૮–૧૬ ના ઈ–મેઈલ, જે પીજીવીસીએલ મા આપી અને, સદર મીટર મહદઅંશે ક્ષતિગ્રસ્ત '' હોવાની નોંધ આપવામા આવેલ છે.આમ, સદર મીટર ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ છે. |
| **૩.૨** | આમ, અરજદારશ્રી નુ મીટર ક્ષતિગ્રસ્ત હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા દરમ્યાન નુ બીલીંગ, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ ની માર્ગદર્શીકા હેઠળ, જોડાણ મા સ્થપાયેલ પ્રતિ બીલીંગ સરેરાશી યુનીટ મુજબ કરવાની જોગવાઈ અન્વયે, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ, માહે નવેમ્બર –ડિસેમ્બર –૧૫ નુ, ૧૬૮૮ યુનીટ ની રકમ રૂ.૧૨,૩૦૫/૮૬ નુ તા.૨૬–૧૨–૧૫ ના રોજ નુ બીલ, ૧૬૮૮ યુનીટ ને બદલે જોડાણ મા સ્થપાયેલ પ્રતિ બીલીંગ સરેરાશી યુનીટ મુજબ ની ગણતરીએ થતા યુનીટ મુજબ રીવાઇઝ કરી શકાય. સદર કેઈસ મા પીજીવીસીએલ તરફથી, આ મુજબ નો અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. ફોરમ કમિટી તરફથી પીજીવીસીએલ પક્ષકાર નો સદર અભિપ્રાય, જે સદર પ્રકાર ના કેઈસો મા, જીઈઆરસી ની માર્ગદર્શીકા અન્વયે નો હોય, નિયમાધીન માન્ય રાખેલ છે. અને સદર કેઈસ મા નીચેના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે કાર્યવાહી થવા સબબ નો નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૩** | અરજદાર શ્રી નો સદર ઘરવપરાશ વીજજોડાણ નં. ૩૦૬૦૮/૪૦૪૧૪/૪, જે ૦.૫૫૦ કીવો ના વીજભાર વાળુ છે. આ જોડાણ મા, ક્ષતિગ્રસ્ત મીટર ની હૈયાતી પહેલાની, એટલેકે મીટર ની તાંત્રીક યોગ્ય હોય, તેવા સમયગાળા ના ૦૩ બીલીંગ, એટલેકે (૧) મે–જુન –૧૫ મા ૩૦૧ યુનીટ (૨) જુલાઈ–ઓગષ્ટ –૧૫ મા ૧૧૪ યુનીટ અને સપ્ટેમ્બર–ઓકટોબર –૧૫ મા ૧૦૫ યુનીટ, એમ કુલ ૦૩ વીજબીલો ના ૦૬ માસ ના, ૦૩ દ્રીમાસીક સમયગાળા મા ૫૨૦ યુનીટ વાસ્તવિક વીજવપરાશ નોંધાયેલ છે. જે, પ્રતિ બીલ, વાસ્તવિક વીજવપરાશી, આશરે ૧૭૪ યુનીટ થવા જાય છે. જેથી, અરજદાર શ્રી ને અપાયેલસવાલવાળુ, માહે નવેમ્બર –ડિસેમ્બર –૧૫ નુ, ૧૬૮૮ યુનીટ ની રકમ રૂ.૧૨,૩૦૫/૮૬ નુ તા.૨૬–૧૨–૧૫ ના રોજ નુ બીલ, ૧૬૮૮ યુનીટ ને બદલે જોડાણ મા સ્થપાયેલ પ્રતિ બીલીંગ સરેરાશી, ૧૭૪ યુનીટ મુજબ ની ગણતરીએ રીવાઇઝ કરવાની બાબત ફોરમ કમિટી ને, નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, સદર સવાલવાળુ, નવેમ્બર –ડિસેમ્બર –૧૫ નુ બીલ, ૧૬૮૮યુનીટ ને બદલે, ૧૭૪ યુનીટ ની ગણતરીએ રીવાઇઝ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સાથે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | **સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે,** અરજદાર શ્રી ને અપાયેલસવાલવાળુ, માહે નવેમ્બર –ડિસેમ્બર –૧૫ નુ, ૧૬૮૮ યુનીટ ની રકમ રૂ.૧૨,૩૦૫/૮૬ નુ, તા.૨૬–૧૨–૧૫ ના રોજ નુ, ૧૬૮૮ યુનીટ નુ બીલ, જે ૧૬૮૮ યુનીટ ને બદલે, જોડાણ મા સ્થપાયેલ પ્રતિ બીલીંગ સરેરાશી ૧૭૪ યુનીટ મુજબ ની ગણતરીએ, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા રીવાઇઝ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..